## હું ઉપર જણાવેલા જૂથોમાંથી એકમાં છું, મારે કેમ રાહ જોવી પડે છે?

કોવિડ-19 ની રસી તેના વપરાશ માટે જેમ મંજૂરી મેળવશે અને જેમ તેના દરેક જથ્થાનું ઉત્પાદન થશે તેમ ઉપલબ્ધ થશે.

આથી જેમના પર સર્વોચ્ચ જોખમ રહેલું છે તેમનું રક્ષણ કરવા માટે દરેક ડોઝની જરૂર છે. જેવી પૂરતા પ્રમાણમાં રસીઓ ઉપલબ્ધ થશે એટલે તમને બોલાવવામાં આવશે.

ઘરમાંથી બહાર ન નીકળી શકતાં હોય અથવા કેર હોમમાં રહેતાં કેટલાંક લોકો અને જેઓ સ્થાનિક રસીકરણ કેન્દ્રમાં ન જઈ શકતાં હોય તેમણે યોગ્ય પ્રકારની રસીના પૂરવઠા માટે કદાચ રાહ જોવી પડશે. આનું કારણ એ છે કે માત્ર કેટલીક જ રસીઓ લોકોનાં ઘરો સુધી પહોંચાડી શકાય છે.

## મને મારી કોવિડ-19 ની રસી ક્યાંથી મળી શકશે?

અનેક જુદાં જુદાં સ્થાનોમાં રસીઓ આપવામાં આવશે. રસીઓ આપતી કેટલીક ટુકડીઓ રસી આપવા માટે લોકોનાં ઘરે જશે, દાખલા તરીકે, કેર હોમમાં, કેટલાંક લોકોએ તેમના નજીકના કેન્દ્રમાં તે લેવા જવું પડશે. કેટલીક રસીઓ ફ્રીઝરમાં ખૂબ જ નીચા તાપમાને સંઘરવી પડતી હોવાથી, તમે તમારા જી.પી.ની સામાન્ય સર્જરીમાં રસી કદાચ નહિ મેળવી શકો.

## મને આપવામાં આવેલ કેન્દ્ર સુધી જવાનું સહેલું ન હોય તો?

કૃપા કરીને તમને આપવામાં આવેલ રસીકરણ કેન્દ્રમાં જવાનો પ્રયત્ન કરો. જો તમે તે કેન્દ્રમાં ન જઈ શકો તો તમારે વધારે અનુકૂળ સ્થળે રસી લેવા જવા માટે કદાચ રાહ જોવી પડશે.

## કોવિડ-19 રસી ખાનગી રીતે અથવા કોઈ ફાર્મસીમાંથી મેળવવા માટે હું પૈસા ચૂકવી શકું?

ના, કોવિડ-19 રસી માત્ર NHS મારફતે લાયક બનતાં જૂથોને જ મળી શકે છે અને તે મફત રસી છે.

**કોરોનાવાઈરસ યલો કાર્ડ સર્ચ કરીને, તમારી રસીની સંભવિત આડઅસરો સહિતની તે ઉપરની વધારે વિગતો માટે, કૃપા કરીને ઉત્પાદન વિશે માહિતી આપતી પત્રિકા વાંચો**

**તમે શંકાયુક્ત આડઅસરો વિશે તે જ વેબસાઈટ પર અથવા યલો કાર્ડ ઍપ ડાઉનલોડ કરીને પણ જાણ કરી શકો છો.**

coronavirus-yellowcard.mhra.gov.uk

રસીકરણ, સૌથી વધારે અરક્ષિત હોય તેવાં લોકોનું રક્ષણ કરવામાં મદદ કરે છે.

જો તમને કોવિડ-19 રસીકરણ વિશે વધુ માહિતી જોઈતી હોય, તો જુઓ www.nhs.uk/covidvaccination

© Crown copyright 2020.
COV2020308V2GU 1.5M 1p NOV (APS) 2020
Public Health England gateway number: 2020485
તમે વધુ સંખ્યામાં આ મફત પત્રિકાઓ અહીંથી મંગાવી શકો છો www.healthpublications.gov.uk




NHS

Public Health England

# કોવિડ-19 રસીકરણ

# મારે શા માટે રાહ જોવી પડે છે



## કોવિડ-19 રસીના પુરવઠા વિશે માહિતી

કોવિડ-19 રસીકરણ
તમારી જાતનું રક્ષણ કરો.

Withdrawn June 2021

## જે લોકો પર કોવિડ-19 ને લીધે જટિલતાઓ ઊભી થવાનું સૌથી વધારે જોખમ રહેલું છે તેમને રસી પહેલાં આપવામાં આવી રહી છે.

**યુ.કે.માં કોવિડ-19ની બે રસીઓ મંજૂર કરવામાં આવી છે. લાંબા સમય માટેનું રક્ષણ પૂરૂં પાડવા માટે તે બંને રસીના બે ડોઝ આપવાની જરૂર છે. તબીબી પ્રયોગોમાં તે બંને સલામત અને અસરકારક હોવાનું દેખાયું છે, અને તે સુરક્ષિત હોવાનો સારો રેકોર્ડ છે.**

**સ્વતંત્ર નિષ્ણાતોના એક જૂથે ભલામણ કરી છે કે જેમના પર આ રોગનો ચેપ લાગવાનું અને ગંભીર જટિલતાઓનો ભોગ બનવાનું કે કોવિડ-19થી મૃત્યુ થવાનું સૌથી વધારે જોખમ રહેલું છે તે લોકોને NHSએ સૌથી પહેલાં આ રસી આપવી. આમાં કેર હોમ્સમાં રહેતાં વૃદ્ધજનો અને આરોગ્ય અને સંભાળનાં આગલી હરોળનાં કર્મચારીઓનો સમાવેશ થાય છે.**

**જ્યારે વધારે રસીઓ ઉપલબ્ધ થશે, ત્યારે આ રસીઓ જોખમમાં રહેલાં બીજાં લોકોને શક્ય તેટલી જલદી આપવામાં આવશે.**

## તમને જ્યારે આપવામાં આવે ત્યારે તમારે રસી લેવી જોઈએ, જો તમે:

**વૃદ્ધજનો માટેના કેર હોમમાં રહેતાં લોકો**



**આરોગ્ય સંભાળનાં આગલી હરોળનાં કર્મચારી હો**



**સામાજિક સંભાળનાં આગલી હરોળનાં કર્મચારી હો**



**વૃદ્ધ રહેવાસીઓ માટેના કેર હોમમાં કામ કરતા કેરર હો**



## તે પછી રસી ઉંમરના ક્રમમાં નીચેનાં લોકોને પણ આપવામાં આવશે:

- 80 થી વધુ ઉંમરનાં લોકો
- 75 થી વધુ ઉંમરનાં લોકો
- 70 થી વધુ ઉંમરનાં લોકો
- NHSનાં શિલ્ડ કરી રહેલાં દર્દીઓની યાદી પર રહેલાં પુખ્ત વયનાં લોકો
- 65 થી વધુ ઉંમરનાં લોકો
- લાંબા સમયની બીમારી ધરાવતાં 65 વર્ષથી વધુ ઉંમરનાં લોકો (યાદી જુઓ).

50-64 વર્ષની ઉંમરનાં લોકોને તે બાદમાં આપવામાં આવશે.

**કૃપા કરીને તમારા વારાની રાહ જુઓ. જો તમે ઉપરોક્ત જૂથોમાં ન હો, તો જ્યાં સુધી વધારે પુરવઠાઓ ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી તમારે કોવિડ-19 ની રસી મેળવવાની રાહ જોવી પડશે.**

**જ્યારે વધારે રસીઓ ઉપલબ્ધ થશે ત્યારે અમે તે વસ્તીનાં વધારે જૂથોનાં લોકોને આપીશું.**

### તબીબી બીમારીઓની યાદી:

- લોહીનું કેન્સર (જેમ કે લ્યૂકિમીયા, લિમ્ફોમા અથવા માયલોમા)
- ડાયાબિટીસ
- ડીમેન્શ્યા (યાદ શક્તિ ગુમાવવી)
- હ્રદયની તકલીફ
- છાતીની તકલીફ અથવા શ્વાસની તકલીફો, જેમ કે બ્રોન્કાઈટીસ, એમ્ફીસીમા અથવા ગંભીર ઍસ્થમા
- કિડનીનો રોગ
- લિવરનો રોગ
- કોઈ રોગ અથવા સારવારને કારણે ઘટી ગયેલી રોગપ્રતિકારક શક્તિ (જેમ કે એચ.આઈ.વી. ઈન્ફેક્શન, સ્ટીરોઈડની દવાઓ, કીમોથેરપિ અથવા રેડિયોથેરપિ)
- રૂમેટોઈડ આર્થરાઈટિસ, લુપસ અથવા સોરાયસિસ
- અંગ પ્રત્યારોપણ (ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ) કરાવેલું હોય
- સ્ટ્રોક (પક્ષાઘાતનો હુમલો) આવેલ હોય, અથવા ટ્રાન્સેઈન્ટ ઈશ્કેમિક અટૅક (TIA) આવ્યો હોય
- ન્યૂરોલોજિકલ અથવા સ્નાયુ બગાડની બીમારી
- ગંભીર અથવા અત્યંત ગંભીર શીખવાની અસમર્થતા
- તમારી સ્પ્લીનને લગતી તકલીફ - દાખલા તરીકે સિકલ સેલ રોગ અથવા તમારી સ્પ્લીન કાઢી લેવામાં આવી હોય
- ખૂબ ગંભીર રીતે મેદસ્વી હો (વધારે પડતું વજન હોય) (40 અને તેથી BMI હોય)
- માનસિક રીતે ગંભીરપણે બીમાર હોય

### આ જ સમયે નીચે જણાવેલાં લોકોને પણ રસી આપવામાં આવશે:

- કોઈ વયોવૃદ્ધ અથવા અસમર્થ વ્યક્તિની નિયમિત સંભાળ પૂરી પાડતાં પુખ્ત વયનાં લોકો
- લાંબા સમયનાં નર્સિંગ અને રેસિડેન્શિયલ રહેઠાણોમાં રહેતાં યુવા વયનાં પુખ્ત લોકો

Withdrawn June 2021